**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૩ જુલાઈ ૨૦૧૩**

## દેશની પહેલી મહિલા વિદ્યાપીઠ- એસએનડીટીનું કેંદ્રસરકારનું આપત્તિજનક વિસ્મરણ- રામ નાઈક

**મુંબઈ,શનિવાર :** "મુંબઈની ગૌરવશાળી એસએનડીટી મહિલા વિદ્યાપીઠનું અસ્તિત્વજ કેંદ્રસરકાર નકારી રહી છે કે શું ?" આવો સંતપ્ત સવાલ કરતા "દેશની 'પહેલી' મહિલા વિદ્યાપીઠ ઈંદિરા ગાંધી ના નામે રાયબરેલી ખાતે સ્થાપન કરવાની કેંદ્રિય મંત્રી મંડળે ૧૧ જુલાઈ ના રોજ કરેલી જાહેરાત ૨૦૧૪ ની ચૂંટણી માટેની તકવાદી , ચાટુકારિતા કરતી જાહેરાત છે, એટલું જ નહીં પણ આ શૈક્ષણિક ઈતિહાસ ની બાબતે અજ્ઞનતા નું પ્રદર્શન કરનારી ઘટના છે," આ મુજબની પ્રતિક્રિયા ભારતીય જનતા પક્ષ ના નેતા અને માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે મુંબઈ ખાતે પ્રસિધ્ધ કરેલ અખબારી યાદિ માં વ્યકત કરેલ છે.

નિવેદનમાં પોતાની ભૂમિકા સ્પષ્ટ કરતા શ્રી રામ નાઈકે કહ્યું છે કે, "૨૦૧૪ ની ચૂંટણી પર નજર રાખી કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનીયા ગાંધી ના રાયબરેલી મતદારસંઘમાં રૂ.૫૦૦ કરોડની મહિલા વિદ્યાપીઠ શરૂ કરવાની કેંદ્રિય મંત્રીમંડળની જાહેરાત તકવાદી છે, એ સ્પષ્ટ છે. આ દેશની 'પહેલી' મહિલા વિદ્યાપીઠ છે તેવું મંત્રીમંડળનું કહેવું સંતાપજનક, ચાટુકારિતા અને ભારતના શિક્ષણ ક્ષેત્રનું અજ્ઞાન પ્રકટ કરનારૂં છે. ભારતરત્ન મહર્ષિ ધોંડો કેશવ કર્વે એ શતકપૂર્તિ તરફ આગેકૂચ કરી રહેલી દેશની પહેલી મહિલા વિદ્યાપીઠ 'દિ ઈંડિયન વુમેન્સ યુનિવ્હર્સિટી' ના નામે ૧૯૧૬ ની સાલ માં શરૂ કરી, ત્યારબાદ તેનું નામ ૧૯૫૧ માં 'શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી (એસએનડીટી) વુમેન્સ યુનિવ્હર્સિટી' આ રીતે કરવામાં આવી અને તે બાબત નો કાયદો બનાવવામાં આવ્યો. ૧૯૩૯ ની સાલમાં વિદ્યાપીઠનો પદવીદાન સમારંભ મહાત્મા ગાંધી ની અધ્યક્ષતા તળે યોજાયો, અને ૧૯૪૧ ની સાલમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની અધ્યક્ષતા તળે રૌપ્યમહોત્સવ યોજાયો. ૧૯૫૮ ની સાલમાં વડાપ્રધાન પંડિત નેહરૂ ના હસ્તે મહર્ષિ કર્વેને ભારતરત્ન પ્રદાન કરવામાં આવ્યું, ૧૯૬૬ ની સાલમાં વડાપ્રધાન શ્રી ઈંદિરા ગાંધી ની અધ્યક્ષતા તળે સુવર્ણ મહોત્સવ ઉજવાયો, ૧૯૭૬ ની સાલ માં કેંદ્રિય પ્રધાન શંકર દયાળ શર્મા ના હસ્તે હિરક મહોત્સવ નિમિત્તે ટપાલ-ટિકિટ નું પ્રકાશન થયું અને ૧૯૯૧ ની સાલ માં અમૃત મહોત્સવ સંપન્ન થયો." માત્ર ભારતમાં જ નહિં પરંતુ વિશ્વભરમાં સુપ્રસિધ્ધ એસએનડીટી મહિલા વિદ્યાપીઠ યુનિવ્હર્સિટી ગ્રૅંટસ્ કમિશન ના માજી અધ્યક્ષ અને વર્તમાન વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ ને માહિતી નતી એવું સમજવાનું ? મહારાષ્ટ્રના 'જાણતા રાજા' કૃષિપ્રધાન શ્રી શરદ પવાર અને ગૃહપ્રધાન સુશિલકુમાર શિંદે નું પણ મંત્રીમંડઠની બેઠકમાં આનિર્ણય લેવાયો ત્યારે ધ્યાન નહોતું કે મહારાષ્ટ્રની ગૌરવશાળી પરંપરાનું દિલ્લીના વાતાવરણમાં તેમને પણ વિસ્મરણ થયું છે ? " આ મુજબનો પ્રશ્ન શ્રી રામ નાઈકે કર્યો છે.

"જે એસએનડીટી વિદ્યાપીઠે ભારતમાં સ્ત્રી-શિક્ષણનું ખાતમુરત કર્યું અને સ્ત્રીઓનું સક્ષમીકરણ કર્યું તે વિદ્યાપીઠ નું કોંગ્રસના મંત્રીમંડળમા થયેલું વિસ્મરણ અત્યંત નિષેધાર્થ છે. નિયોજીત વિદ્યાપીઠને જેમણે શિક્ષણક્ષેત્રમાં મુલ્યવાન કામગીરી કરી તેવા શ્રીમતી સાવિત્રીબાઈ ફુલે, ભગિની નિવેદિતા, ડૉ.આનંદી જોશી, શ્રીમતી રમાબાઈ રાનડે ના જેવી વિદુષીઓનું નામ આપવું વધુ સમર્પક રહેશે." આ મુજબનુ પ્રતિપાદન પણ શ્રી રામ નાઈકે કરેલ છે. આ સંદર્ભે વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ અને શ્રીમતી સોનિયા ગાંધી ને પોતે નિષેધાર્થ પત્ર પાઠવ્યો હોવાનું પણ શ્રી રામ નાઈકે અખબારી યાદી ના અંતે કહ્યું છે.

**(કાર્યાલય સચિવ)**

સંલગ્ન : મંત્રીમંડળનુ હિંદીનું પ્રસિધ્ધી પત્રક

पत्र सूचना कार्यालय
भारत सरकार
मंत्रिमंडल

11-जुलाई-2013 15:18 IST

## उत्तर प्रदेश के रायबरेली में इंदिरा गांधी राष्ट्रीय महिला विश्वविद्यालय की स्थापना

केन्द्रीय मंत्रिमंडल ने उत्तर प्रदेश में महिलाओं के लिए एक राष्ट्रीय विश्वविद्यालय की स्थापना की मंजूरी दी है, जिसका नाम इंदिरा गांधी राष्ट्रीय महिला विश्वविद्यालय होगा। विशेषकर महिलाओं के लिए स्थापित किए जाने वाला यह इस तरह का देश में पहला विश्वविद्यालय होगा। यह विश्वविद्यालय उत्तर प्रदेश के रायबरेली में स्थापित होगा।

एक विधेयक जिसका नाम इंदिरा गांधी राष्ट्रीय महिला विश्वविद्यालय विधेयक-2013 होगा, इसे संसद के आने वाले मॉनसून सत्र में प्रस्तुत किया जाएगा। इस विधेयक के पारित होने के बाद विश्वविद्यालय के स्थापना के लिए कदम उठाए जाएंगे।

12वीं पंचवर्षीय योजना के दौरान इसकी स्थापना में 500 करोड़ रुपये की लागत आएगी।

इस विश्वविद्यालय के जरिए बेहतर रोजगारोन्मुख आधारभूत पाठ्यक्रम और अनुसंधान सुविधा उपलब्ध कराकर देश में महिलाओं के सर्वांगिण विकास के साथ-साथ महिलाओं के सशक्तिकरण में सरकार द्वारा किए जा रहे प्रयासों को बढ़ावा मिलेगा।

देश की कुल 121 करोड़ जनसंख्या में से 58.6 करोड़ महिलाएं हैं जिनमें से 9.5 करोड़ महिलाएं उत्तर प्रदेश में हैं।

***

मीणा/आनन्द/शदीद-4064